# આરપાર

વર્ષ - ૪ ● અંક - ૪૪ ● સળંગ અંક - ૨૦૦

તારીખ - ૨૯ ઓગસ્ટ, ૨૦૦૫

**તંત્રી :** મનોજ ભીમાણી

**સહસંપાદક :** પ્રણવ અધ્યારૂ

**વિશેષ પ્રતિનિધિ :** ઉર્વીશ કોઠારી

**મુખ્ય કાર્યાલય**

૨૦૧, વિમલા કોમ્પ્લેક્સ, જૂના શારદા મંદિર રોડ, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦૦૦૬.

ફોન : ૦૭૯ - ૨૬૪૬ ૪૬૦૬, ૨૬૪૬ ૪૬૦૫

ફેક્સ : ૦૭૯ - ૨૬૪૬ ૩૦૨૮

| લવાજમ | ભારતમાં | વિદેશમાં | | |
|---|---|---|---|---|
| મુદત | રૂા. | ડૉલર | પાઉન્ડ | યૂરો |
| ૫ વર્ષ | ૨૦૦૦ | ૩૧૦ | ૧૮૫ | ૨૮૦ |
| ૪ વર્ષ | ૧૬૫૦ | ૨૫૦ | ૧૫૦ | ૨૨૫ |
| ૩ વર્ષ | ૧૨૭૫ | ૧૯૦ | ૧૧૫ | ૧૭૦ |
| ૨ વર્ષ | ૯૦૦ | ૧૩૦ | ૮૦ | ૧૧૫ |
| ૧ વર્ષ | ૪૭૫ | ૭૦ | ૪૫ | ૬૦ |

લવાજમ માટેનો ચેક **વેદાન્તા એક્ઝિમ પ્રા. લિ.**ના નામનો ‘આરપાર’ કાર્યાલયને મોકલવાનો રહેશે.



**E-mail :** aarpar@aarpar.com
editor@aarpar.com
subscribe@aarpar.com
Website : www.aarpar.com



**મુદ્રક-પ્રકાશક મનોજ ભીમાણીએ વેદાન્તા એક્ઝિમ પ્રા. લિ.** વતી ગુજરાત ઓફસેટ પ્રા.લિ., ઓફસેટ હાઉસ, સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ ખાતે છાપી, ૨૦૧, વિમલા કોમ્પલેક્ષ, જૂના શારદા મંદિર રોડ, એલિસબ્રિજ, અમદાવાદ-૬ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

**તા.૧૬ ઓગસ્ટ, ૨૦૦૫થી ૨૨ ઓગસ્ટ, ૨૦૦૫ માટે પ્રકાશિત**





ગુજરાતી વાચકોની અપેક્ષાથી વિશેષ, સુરુચિપૂર્ણ અને સાર્થક સાહિત્યને સમાજના સૌ સુધી પહોંચાડવાના એકમાત્ર આશયથી શરૂ કરવામાં આવેલા ‘સત્ય મીડિયા’નાં બંને પુસ્તકો - ‘સરદાર : સાચો માણસ, સાચી વાત’ અને ‘ગાતા રહે મેરા દિલ’ને મળેલી સફળતાના કારણે ગુજરાતી વાચકોમાં રહેલી વાચનભૂખનો અમને જાતપરિચય થયો.

ગુજરાતી વાચકોના વાચનપ્રેમને સંકોરવાના પ્રયાસરૂપે આરપાર સાપ્તાહિકના બસોમા અંક નિમિત્તે ‘સો ટચનાં ૨૦૦ ગુજરાતી પુસ્તકો’ની ટૂંકા પરિચય સાથેની યાદી પ્રગટ કરવામાં આવી છે. આ યાદી અંગે વાદ-વિવાદ નહીં, પરંતુ ચર્ચા થશે - તો ચોક્કસ ગમશે.

મુખપૃષ્ઠ પર રજૂ થયેલી પુસ્તકની મહત્તા દર્શાવતી પંક્તિઓ રમેશ પારેખના કાવ્ય ‘પુસ્તકોની છાજલી’માંથી લેવામાં આવી છે. પ્રસ્તુત છે આ જ કાવ્યની વધુ કેટલીક પંક્તિઓ -

*...અહીં અક્ષર છે, ધર્મ-*
*જે ખંડિત કરતો નથી કશું,*
*જે બનતો નથી કદી પશુ.*
*બે પૃષ્ઠ વચ્ચેથી નીકળી તે*
*કોઈનાં ઘર કે સપનાં સળગાવતો નથી.*
*નથી ભોંકતો કોઈને છૂરો.*
*અહીં મંદિરની જગાએ મૂકો મસ્જિદની ચોપડી*
*તો બકરી યે કરે નહીં બેં,*
*એવું રામરાજ્ય છે!*
*અહીં એકે અક્ષર નથી ધર્માન્ધ.*
*અહીંથી જ ઊગે છે સૂર્ય*
*જે અજવાળે છે ભીતરી બ્રહ્માંડ...*
*...આખા વિશ્વમાં સૌથી પવિત્ર જગા છે -*
*મારાં પુસ્તકોની છાજલી*
*મારો અભ્યાસખંડ તીર્થ છે, મારા માહ્યલાનું,*
*તમે આવો તો તમારું ય!*

આશા છે, સૌને અમારો પ્રયાસ પસંદ પડશે... અને હા, બસો અંકની સફર દરમિયાન અમને સાથ-સહકાર અને પ્રેરણા આપતા રહેલા વાચકો, મિત્રો, શુભેચ્છકો, ઍડવર્ટાઇઝર્સ અને એજન્ટ મિત્રોનો ખૂબ ખૂબ આભાર.

મનોજ ભીમાણી

(મનોજ ભીમાણી)